# પ્રથમ લેખિત કસોટી : ઑક્ટોબર - ૨૦૧૬

તારીખ : ૨૨/૧૦/૨૦૧૬ ધોરણ-૭ સમય : ૮:૦૦ થી ૧૧:૦૦

વાર : શનિવાર વિષય : સામાજિક વિજ્ઞાન કુલ ગુણ : ૮૦

વિદ્યાર્થીનું નામ : ______________________ બેઠક નંબર : ______

**સૂચનાઓ :** (1) પ્રશ્નોના જવાબ અલગ ઉત્તરવહીમાં લખવાના રહેશે.

**પ્રશ્ન-1 (અ) નીચેના દરેક પ્રશ્નના ઉત્તર માટે આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ શોધીને લખો.** (5)

(1) ગુજરાતના રાજા કુમારપાળની પસંદગી કોણે કરેલી ?

(A) તેના પિતાએ (B) તેના દાદાએ

(C) મંત્રી મંડળે (D) લશ્કરે

(2) જૈન આચાર્ય હેમચંદ્રાચાર્યે કયો વ્યાકરણ ગ્રંથ રચ્યો હતો ?

(A) સિધ્ધહેમશબ્દાનુશાસન

(B) શિશુપાલવધ

(C) નૈષધચરિત

(D) કથાસરિતસાગર

(3) સમ્રાટ હર્ષવર્ધને નાલંદા વિદ્યાપીઠના નિભાવ માટે કેટલા ગામ આપ્યા હતા ?

(A) 50 ગામ (B) 100 ગામ (C) 150 ગામ (D) 200 ગામ

(4) સીસોદીયા રાજપુત વંશના સ્થાપક કોણ હતા ?

(A) બપ્પરાવળ (B) પૃથ્વીરાજ ત્રીજો

(C) હર્ષવર્ધન (D) રાજાભોજ

(5) વિજયનગર રાજ્યની સ્થાપના કોણે કરી હતી ?

(A) કૃષ્ણદેવરાય (B) ચોમ્કે

(C) હરીહર અને બુક્કારાય (D) શિવાજી

Scanned by CamScanner

(બ) બંધ બેસતાં જોડકાં જોડો (4)

| 'અ' | 'બ' |
|---|---|
| (1) 21 જુન | (1) $0^0$ રેખાંશવૃત્ત |
| (2) ગ્રીનીચ રેખા | (2) $180^0$ રેખાંશવૃત્ત |
| (3) ટાપુ | (3) લાંબો દિવસ |
| (4) દિનાંતર રેખા | (4) ચારેબાજુ પાણીથી ઘેરાયેલો પ્રદેશ |

**પ્રશ્ન-2 (અ) યોગ્ય શબ્દો વડે નીચેના વિધાનોની ખાલીજગ્યા પૂરો.** (5)

(1) પિતા પ્રભાકરનું અવસાન થતા ________ થાણેશ્વરની રાજગાદી સંભાળતા હતા.

(2) હર્ષવર્ધને દર પાંચ વર્ષે ________ મુકામે મોટી ધર્મપરીષદ અને દાન મહોત્સવનું આયોજન કરતો હતો.

(3) ધારાનગરી એટલે વર્તમાન ________ રાજયનો ધાર જીલ્લો.

(4) ________ નામના રાજાની હાર થતા દિલ્લી પર રાજપુત શાસનનો અંત આવ્યો.

(5) કુમારપાળચરિતની રચના ________ કરી હતી.

**(બ) નીચેના વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** (5)

(1) પૃથ્વી પોતાની કાલ્પનિક ધરી પર વિષુવવૃત્ત પર કલાકના 1670 કિ.મી ની ઝડપે ફરે છે.

(2) 21 મી જૂને કર્કવૃત્ત અને 22 મી ડિસેમ્બરે વિષુવવૃત્ત પર સૂર્યના કિરણો સીધા પડે છે.

(3) પૃથ્વીના ગોળા ઉપર ઉત્તર-દક્ષિણ ઉભી દોરેલી કાલ્પનિક રેખાઓને અક્ષાંશવૃત્ત કહે છે.

(4) આપણા દેશનો પ્રમાણસમય અલ્હાબાદ પાસેથી પસાર થતા 82.5' પૂ.રેખાંશ પરથી નક્કી કરવામાં આવે છે.

(5) ઉત્તરે કાશ્મીરથી દક્ષિણે કન્યાકુમારી સુધીની ઉત્તર-દક્ષિણ લંબાઇ આશરે 3214 કિ.મી. છે.

Scanned by CamScanner

(ક) **તમને આપવામા આવેલા ભારત દેશના રેખાંકિત નકશામાં નીચે આપેલી વિગતો યોગ્ય સંજ્ઞા કે નામ વડે દર્શાવો.** (5)

(1) દિલ્લી (2) હિંદ મહાસાગર

(3) નર્મદા નદી (3) જમ્મુ કાશ્મિર

(4) ગાંધીનગર

**પ્રશ્ન-3 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર બે કે ત્રણ વાકયોમાં લખો. (ગમે તે સાત)** (14)

(1) પુલકેશી બીજા અને હર્ષ આ બંનેના વ્યક્તિત્વમાં શું તફાવત હતો ?

(2) સમ્રાટ હર્ષવર્ધને કયા કયા નાટકોની રચના કરી ?

(3) એક રાજવી તરીકે ઉત્તમ કોણ હર્ષ કે પુલકેશી બીજો ? શા માટે ?

(4) પલ્લવ વંશમાં કયો શક્તિશાળી રાજા થઇ ગયેલો ? તેની કોઇપણ બે સિદ્ધિઓ લખો.

(5) મધ્યયુગના રાજપુતો અને રાજપુતાણીઓની વિશિષ્ટતાઓ વર્ણવો.

(6) મધ્યકાલીન યુગમાં ગામની શાસન વ્યવસ્થા કેવી હતી ?

(7) મધ્યયુગમાં થયેલ શિલ્પ અને સ્થાપત્યનો કેવો વિકાસ થયો હતો ?

(8) દિલ્લીનો તખ્તો ક્યારે બદલાયો ?

(9) રાજપુત યુગનો અંત કેમ આવ્યો ?

**(બ) શબ્દોની સમજ આપો. (ગમે તે ત્રણ)** (6)

(1) સરકાર અને કાયદો (2) સરપંચ

(3) મુખ્યમંત્રી (4) વિધાનસભા

**પ્રશ્ન-4 કારણો આપી વિધાનો પુરા કરો. (ગમે તે ચાર)** (12)

(1) સરકાર એટલે શું ? સરકારની જરૂરીયાત શા માટે છે ? કારણ આપો.

(2) રાજયના કાર્યોનું વિભાજન કોની કોની વચ્ચે હોય છે ? કેવી રીતે ? કારણ આપો.

(3) સરકાર આપણા માટે કયા કયા કાર્યો કરે છે ? શા માટે ? કારણ આપો.

(4) ન્યાયતંત્રના હુકમનું પાલન કોના મારફત થાય છે ? કારણ આપો.

(5) તમારા વિસ્તારમાં કોઇ રોગચાળો ફાટી નીકળે તો આરોગ્ય મંત્રી તરીકે તમે શું શું પગલાં ભરશો ? કારણ આપો.

Scanned by CamScanner

**પ્રશ્ન-5 (અ) નીચેના પ્રશ્નોના ઉત્તર મુદ્દાસર લખો. (ગમે તે ચાર)** (16)

(1) પૃથ્વી ફરતી ન હોય તો શું થાય ?

(2) સ્થાનિક સમય કેવી રીતે જાણી શકાય ?

(3) ટાપુઓનો ઉદ્દ્ભવ કેવી રીતે થયો હશે ?

(4) દરિયા કિનારે મોટા શહેરોનો વિકાસ શા માટે થાય છે ?

(5) રણની આબોહવા સુકી અને વિષમ છે. શા માટે ?

**(બ) ટૂંકનોંધ લખો. (ગમે તે બે)** (8)

(1) હર્ષનું શાસન અને વહીવટ

(2) રાજપુત શાસકોનું ખમીર

(3) પૃથ્વીરાજ ચૌહાણ

Scanned by CamScanner